# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૨૫ • સળંગ અંક : ૭૬ • તા. ૨૩ નવેમ્બર થી ૨૯ નવેમ્બર ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## ઉત્કૃષ્ટ દરજ્જાની રેસ્ટોરન્ટનો પ્રતિષ્ઠિત એવોર્ડ

# હુબલીની 'ધ રસોઈ-વેજ થાલી'ને મળ્યો



હજારોં જવાબો સે અચ્છી હૈ
‘ખામોશી’
ના જાને કિતને સવાલોં કી
આબરૂ રખતી હૈ

- જવાહર બક્ષી




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.



**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સ્વભાવ બદલવું સરળ નથી

દરેક વ્યક્તિને પોતાનું બોલવું, ચાલવું, વ્યવહાર સાચો છે એવી સમજ હોય છે. આમ પોતાનો કક્કો સાચો છે એવી હઠ હોય છે. પોતાની વાત કોઈ ન ગણકારે ત્યારે તેનો અહંમ ઘવાય છે. મોટા ભાગના મનદુઃખો આવી જડ માન્યતાથી થતા હોય છે. મનના ઘાવ જલ્દીથી રૂઝાતા નથી. પોતાનું અપમાન થયું, એવો ભાવ સ્વમાન દણાયું છે એવો અસંતોષ આપે છે. પોતાનું અપમાન, અવહેલના વ્યક્તિ સહન કરી શકતો નથી. એ ભાવ ના ઘાવ મન પર જલ્દી રૂઝાતા નથી. મન પર લાગેલા આ ઘાવ સ્વભાવને બેચેન કરે છે. દિવસ રાત અંજપો જગાવે છે. આ વાતથી અટંસ પેદા થાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વેર ભાવ જાગે છે જેનો સરળ અને સહેલાઈથી અંત આવતો નથી. સમયની સરવાણીથી એના મૂળીયા વધુને વધુ ઊંડા ખૂંપતા જઈ જીવનને દોહલું કરે છે.

બે વચ્ચેના નિષ્ક્રીય સંબંધ પર અન્યો ચર્ચા કરે છે. તો કોઈ વચ્ચે પડી પડેલ ખાઈ પૂરવા મથે છે. સતત થતા પ્રયાસ અને સમાજની દ્રષ્ટિ કેળવાથી જ સંબંધો સરળ થઈ શકે છે. આમાં બન્ને પક્ષની જવાબદારી છે. એક બીજાના ત્રુટીઓ, નબળાઈઓ પર નજર નાંખી કંઈક અંશે સુધારો કરવાનો પ્રયાસ આદરે તો ભવિષ્યમાં એનો સારો પરિણામ મળી શકે છે.

કોઈપણ સમસ્યા, પ્રશ્ન ઊભો થાય તો આપણી આજુબાજુના લોકો જાત જાતની સલાહ આપવા તત્પર રહે છે. સલાહ આપવી સહેલી છે પણ એ લેવી, સ્વીકારવી સરળ નથી. સ્વ સ્વાર્થ વગરની સલાહ સામે વાળા પર અસર કરે છે. બાકી સારા માણસને બધા સારા લાગે છે. ખરાબ વ્યક્તિને બધા ખરાબ. આમ સામેવાળાને જોવું આપણાં વિચારોનું પ્રતિબિંબ હોય છે. સ્વભાવ બદલવુ એટલે કૂતરાની પૂંછડીને સીધી કરવી. સમય જશે, પણ સ્વભાવ, ખાસિયત ન બદલાશે.

વ્યક્તિ પોતાના સ્વપ્નો અને કલ્પનાઓમાં રાચતો રહે છે. જ્યારે સમર્થ સશક્ત માનવીઓ હકીકતની દુનિયામાં જીવે છે, જ્યારે અસમર્થ વ્યક્તિને આભાસી જગત ગમે છે. હકીકતમાં જે થઈ શકતું નથી, જે થઈ શકવા સમર્થ નથી એ માટે કલ્પનાના સ્વર્ગમાં રાચવું સરળ છે. પણ આ અધૂરપ અને એક જાતની નબળાઈ છે. જેને સમર્થ વ્યક્તિએ સુધારવી જોઈએ.

દરેક જણની માન્યતા હોય છે કે પોતે જે કહે છે, કરે છે એ જ સાચું છે. આમ પોતાનો હક્કો સાચો ઠેરવવા અનેક પ્રકારના પેંતરા રચતો હોય છે. મોટા ભાગના મન દુઃખ આ જીદ અને જક ભર્યા વ્યવહારમાંથી સર્જાય છે. સામે વાળો એ કહેલા કઠોર શબ્દ આપણા દિલને વીંધી નાંખે છે. જેના ઘાવ જલ્દી રૂઝાતા નથી. પોતાનું અપમાન અને અવહેલના માણસ સહન કરતો નથી અને એને સરળ રીતે વિસરી શકતો નથી. તે વાતનો જેમ બને તેમ જલ્દી બદલો વાળી દે એ માટે તત્પર રહે છે. આવી જડ સમજથી નકામી વાતોથી પૂર્વગ્રહના જાળા ગૂંથાઈ જાય છે અને વખત જતાં વેર ભાવ વધુને વધુ ઊંડું ઉતરી સમય જતાં જમીનમાં જડ સોંત થઈ જાય છે.

સ્વભાવ એ માનવીનો અરીસો છે. જે જેટલો સાફ, સૂથરો હશે એટલો સીધો પ્રતિબિંબ સામેવાળા પર પડશે. સરળ થઈએ, સરળ રહીએ એજ સારા જીવનનો સાર છે.

– જય જ્ઞાતિમૈયા

# ઉત્કૃષ્ટ દરજ્જાની રેસ્ટોરન્ટનો પ્રતિષ્ઠિત એવોર્ડ

# હુબલીની 'ધ રસોઈ-વેજ થાલી'ને મળ્યો



કૌશિક ધરમશી



સચિન લોડાયા



અવિન ધરમશી




આપણા ગુજરાતી-કચ્છીઓની વિશેષતા છે કે તેઓ ભારત કે વિશ્વના કોઈ પણ ભાગમાં વ્યવસાય કરે, તો પોતાની કુનેહ, પ્રતિબધ્ધતા અને ગ્રાહકોનો સંતોષ મેળવવાની નીતિને લીધે જે તે વિસ્તારમાં પોતાના નામના ડંકા વગાડી સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ થાય છે. હુબલી કર્ણાટકમાં 'ધિ રસોઈ...વેજ થાલી' નામે રેસ્ટોરન્ટ ચલાવતા ૩ કચ્છી યુવાનો આનું જ્વલંત ઉદાહરણ છે. કૌશિક ખુશાલ ધરમશી, સચિન લક્ષ્મીચંદ લોડાયા અને અવિન પૂનમચંદ ધરમશી દ્વારા ચલાવાતી આ રેસ્ટોરન્ટ 'ધિ રસોઈ...વેજ થાલી'ને તા. ૨૧ નવેમ્બર ૨૦૧૯ના મેરીટ એવોર્ડ્સ એન્ડ માર્કેટ રિસર્ચ દ્વારા ભારતનો સૌથી પ્રતિષ્ઠિત ફૂડ અને હોસ્પિટાલીટી એવોર્ડ ૨૦૧૯ 'ફાઈનેસ્ટ રેસ્ટોરન્ટ ઓફ હુબલી કર્ણાટક' એનાયત કરવામાં આવ્યો. નવી દિલ્હીના મયુર વિહાર વિસ્તારમાં આવેલા ક્રાઉન પ્લાઝામાં યોજાએલ એક ભવ્ય સમારોહમાં ભારતના પ્રથમ નંબરના શેફ સંજીવ કપૂરના હસ્તે આ એવોર્ડ કૌશિક ખુશાલ ધરમશીએ સ્વીકાર્યો હતો. સમગ્ર ભારતની હજારો રેસ્ટોરન્ટનો સર્વે કરીને ૫૦ શ્રેષ્ઠ રેસ્ટોરન્ટને આ રાષ્ટ્રીય અને ન્યુઝ ૧૮ નેટવર્ક વેન્ચર આ એવોર્ડ આપવામાં આવ્યો હતોજેમાંની એક હતી 'ધિ રસોઈ...વેજ થાલી'.



આ ગૌરવપ્રદ સન્માન મેળવવાથી આનંદિત આ રેસ્ટોરન્ટના મુખ્ય સૂત્રધાર કૌશિકભાઈએ મેરીટ એવોર્ડ્સ એન્ડ માર્કેટ રિસર્ચ, રેસ્ટોરન્ટના સ્ટાફ મેમ્બર્સ અને માનવંતા ગ્રાહકોનો આભાર માન્યો હતો.રેસ્ટોરન્ટ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે,સમગ્ર હુબલી ધારવાડ વિસ્તારમાં કોઈ ઓથેન્ટિક ગુજરાતી રાજસ્થાની થાલી ઓફર કરતી રેસ્ટોરન્ટ ન હતી. આ ખોટને પૂરવા ૩૦ નવેમ્બર ૨૦૧૧ના આ રેસ્ટોરન્ટની શરૂઆત ૯ મિત્રોએ પાર્ટનર તરીકે કરી હતી અને છેલ્લા પાંચ વર્ષથી ૩ પાર્ટનર્સ તેને સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે. શરૂઆતથી જ અમારું લક્ષ્ય રહ્યું છે કે ધિ રસોઈ...વેજ થાલીમાં આવતો કોઈ પણ ગ્રાહક ખાલી પેટે અને મુખ પર સંતોષના સ્મિત સિવાય જવો ન જોઈએ. અહીં આવનાર ગ્રાહક ઘર જેવું જ ભોજન મળ્યાનો સંતોષ પામે તેથી અમે અનલીમીટેડ થાળીમાં શુધ્ધ અને ઘરના જેવા જ ઇનગ્રેડીઅન્ટસ વાપરીએ છીએ. દરરોજ નવા મેનુ સાથેની અમારી શુધ્ધ અને સ્વાદિષ્ટ થાળીમાં અનેક પ્રકારની મીઠાઈઓ, ચટાકેદાર ફરસાણો, વિવિધ પ્રકારની રોટી અને પૂરીઓ, જાતજાતની રાઈસ-દાલ વાનગીઓનો રસથાળ હોય છે અને હા, છાશ, પાપડ, અથાણા-ચટણી અને મુખવાસ વગર તો ગુજરાતી-રાજસ્થાની થાલી અધુરી જ ગણાય!

ધિ રસોઈ...વેજ થાલીરેસ્ટોરન્ટમાં આ અનલિમિટેડ થાલી સર્વ કરવા ઉપરાંત અમે IRCTCના સહયોગમાં હુબલી સ્ટેશન પર ટ્રેનમાં પાર્સલ કરીએ છીએ. ઘરે લઇ જવા થાલી પાર્સલ ઉપરાંત જમાના સાથે કદમ મીલાવતાં અમે Swiggy અને Zomato દ્વારા પણ આ થાલી સપ્લાય કરીએ છીએ તેમજ ૧૦૦ માણસોથી કરી ૫૦૦૦ માણસો સુધીનું આઉટડોર કેટરીંગ પણ કરી આપવાની ક્ષમતા ધરાવીએ છીએ.

તો જ્ઞાતિજનો, હુબલી ધારવાડ તરફ જાવ ત્યારે ભારતની આ શ્રેષ્ઠ રેસ્ટોરન્ટનો રૂબરૂ કે ટ્રેનમાં લાભ લેવાનું ન ચૂકશો.

# મસ્જિદ બંદર સંઘમાં કારતક સુદ પૂનમના ૧૦૮ ખમાસણા, સામુહિક ચૈત્યવંદન





શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને તેના સાધારણ ફંડ્સ, મસ્જિદ બંદર, શ્રી ક.દ. ઓ.જૈન જ્ઞાતિ મહાજન,મુંબઇ શ્રી મસ્જિદ બંદર સંઘ દ્વારા ચાતુર્માસ પૂર્ણાહુતિ તા.૧૧.૧૧.૨૦૧૯ને સોમવાર, કારતક સુદ પૂનમના શુભ દિવસે શ્રી અનંતનાથ જિનાલય,મસ્જિદ બંદર મધ્યે પાલિતાણા ન જઈ શકનાર શ્રાવકો માટે દરેક સંઘમાં દર વર્ષે શ્રી શેંત્રુજય તીર્થના પટ્ટ સમક્ષ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં ૧૦૮ ખમાસણા, સામુહિક ચૈત્યવંદન વિધિ આદિ ક્રિયાઓ કરવામાં આવે છે. આ વર્ષે નૂતન પટ્ટ બનાવડાવી માતુશ્રી મંજુલાબેન શામજી ખોના, સુથરી હ.નરેશ શામજી ખોના દ્વારા ટ્રસ્ટને અર્પણ કરવામાં આવેલ.




JAYMAN KHONA - 9869473339




ART&FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339



Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# ક.દ.ઓ. છેડા ગોત્રની સમૂહ પહેડી સંપન્ન




રવિવાર તા.૧૭ નવેમ્બરના રોજ મુલુંડ સારસ્વત વાડી મધે શ્રી કચ્છી દશા ઓસવાળ છેડા ગોત્રની ૨૬મી સમૂહ પહેડીનું સફળતાપૂર્વક આયોજન થયું. આ પહેડીમાં મુખ્ય આકર્ષણ તેજસ્વી વિદ્યાર્થીનું બહુમાન તેમજ હાલના સમયમાં વિસરાતી જતી ધાર્મિક વિધિઓને પુનર્જિવીત કરતી પુસ્તિકાનું શેઠશ્રી હંસ બી. ખીમજી અને હેમાબેન છેડાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તિકામાં છેડા ગોત્રના વાર તહેવારે થતા માતાજીના જુહારની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. તદ્દુપરાંત તેમાં સ્તવનો, માતાજીની સ્તુતિ આરતી અને છંદનો સમાવેશ કરાયો છે. સમસ્ત મહાજનના ટ્રસ્ટી રાજેશભાઈ છેડાએ આ પુસ્તિકા સમસ્ત જ્ઞાતિ બંધુઓ માટે ઉપયોગી છે અને આ પુસ્તકના સ્પોન્સર્સ માતુશ્રી લક્ષ્મીબેન વિશનજી છેડા નલિયાવાળાની અનુમોદના કરી હતી. શેઠશ્રી હંસભાઈ ખીમજીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આ પુસ્તિકા દરેકે દરેક જ્ઞાતિજનો માટે ઉપયોગી છે. આનો વધુને વધુ ઉપયોગ કરી માતાજીની આરાધના કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પહેડીમાં ભક્તિ સંગીત ચેતનાબેન હરિયા એન્ડ પાર્ટીએ આપ્યું હતું. એકંદરે ૩૫૦ જેટલા ભાવિકો દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

# ગુરુભક્તના નિવાસસ્થાને પૂજ્ય સાધ્વીશ્રીના પુનિત પગલાં



ગુરુભક્ત મસ્જિદબંદરના સુશ્રાવકની તેમના નિવાસસ્થાને પ..પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. ને નિજગૃહે પગલા કરવા પધારવા માટેની આગ્રહભરી વિનંતીને સ્વીકારી તા.૧૩.૧૧.૨૦૧૯ ને બુધવારે પધારેલ.શ્રી હિરેનભાઈ નવીનચંદ્ર લાપસીયા,રંગપુર-અનંત નિવાસ પરિવારે ગુરૂપૂજન ચાંદીની વાસક્ષેપની ડબી દ્વારા કરેલ.



# સમસ્ત જૈન સમાજ સમૂહ લગ્નોત્સવ–૨૦૧૯ની બેઠકમાં ખોટા ખર્ચથી દૂર રહેવા સમજ અપાઈ




શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આગામી ડિસેમ્બર માસમાં સમસ્ત જૈન સમાજનો સમુહલગ્નોત્સવ-૨૦૧૯ યોજાનાર છે. જે અંગે ચર્ચા વિચારણા કરવા વર-કન્યા પક્ષના વડીલોની એક બેઠક એકમ-ભવન ભુજ મધ્યે ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયા, મંત્રી કિરણ દંડના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

ગ્રુપના પ્રબોધ મુનવર, અરવિંદ લોડાયા, જયાબેન મુનવર, ગુણવંતીબેન મોતા, રેખાબેન લોડાયાની ઉપસ્થિતિમાં યોજાયેલ મીટીંગમાં વર-કન્યા પક્ષના વડીલો ઉપસ્થિત રહ્યા હતા. ખોટા ખર્ચથી બચવા સમજ પૂરી પાડવામાં આવી હતી. દરેક કાર્યક્રમો સમૂહલગ્ન સ્થળે યોજાતા હોઈ ઘરે કોઈપણ કાર્યક્રમો ન યોજવા સમજપૂરી પાડવામાં આવેલ. વર-કન્યાપક્ષોને લગ્ન પત્રિકાઓ અર્પણ કરાઈ હતી. આગામી સમૂહલગ્નોત્સવ તા.૧૪ અને ૧૫ ડિસેમ્બર લીલાશાકુટિયા આદિપુર મધ્યે યોજાશે. તેવી સર્વેને જાણકારી આપવામાં આવેલ.



# સાંધાણ તીર્થે પંચાન્હિકા મહોત્સવ પ્રસંગે ૪૫૦ ગામવાસીઓ માદરે વતન પધારશે



અબડાસા મોટી પંચતીર્થીના સાંધાણ તીર્થે તિલટુંક પરિસરે નવટુંક મધ્યે તીર્થાધિપતિ શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૬ મી ધ્વજારોહણ અવસરે તથા જિર્ણોદ્ધાર સહ નૂતન ટૂંક નિર્માણ એવમ્ પુનઃપ્રતિષ્ઠાના પાવન પ્રસંગે તા.૨૪-૧૧ થી ૨૮-૧૧ સુધી પંચાન્હિકા મહોત્સવ તપચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.અ. દેવ શ્રીમદ્ ૧૦૦૮ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., સાહિત્યરત્ન પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભપાવન નિશ્રામાં ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવાશે.

શનિવાર તા.૨૩-૧૧ બપોરે ૧૨.૩૯ કલાકે 'લક્ષ્મીવેલ' નૂતન અતિથિગૃહનું ઉદ્‌ઘાટન તથા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો છે. સ્વ.વાલજી શામજી ધરમશીની સ્મૃતિમાં નૂતન અતિથિગૃહ 'લક્ષ્મીવેલ' બંધાવી આપનાર માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી શામજી ધરમશી સાંધાણ(મુલુંડ), અ.સૌ.ભારતીબેન કીર્તીભાઈ વેલજી ધરમશી પૌત્રી અ.સૌ.ચાર્મીબેન અંકુર ખોના (મોટી ખાવડી) અતિથિગૃહ મહાજનશ્રીને અર્પણ કરશે. અતિથિગૃહના રૂમોને વિવિધ દાતાશ્રી પરિવારોએ પણ લાભ લીધો છે. જીર્ણોદ્ધાર, ટુંકો, આધાર સ્થંભો, પૂજનો, ભોજન, આમંત્રણ પત્રિકા તથા અન્ય પ્રસંગોનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધેલ છે.

રવિવાર તા.૨૪-૧૧ કુંભ સ્થાપના, જવારારોપણ, બપોરે શ્રી શાંતિનાથ પ્રભુજીનું પૂજન, તા.૨૫-૧૧ સોમવારે સવારે ૭.૪૫ કલાકે અચલગચ્છાધિપતિ શ્રી તથા શ્રમણ-શ્રમણીવૃંદનો ભવ્યાતિભવ્ય નગર પ્રવેશ, નવગૃહ પાટલા પૂજન, દશ દિક્પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન, બપોરે લઘુ નંદાવ્રત મહાપૂજન, બપોરે પૂજ્યશ્રીઓના પ્રવચનો.

તા.૨૬-૧૧ મંગળવાર દિને શ્રી ભકતામર મહાપૂજન, સાંજે કુમાપાલ મહારાજાની આરતી, બુધવાર તા.૨૭-૧૧ સવારે ૮ કલાકે પ્રભૂજીનો ભવ્યાતિભવ્ય વરઘોડો, મુમુક્ષુઓનો વર્ષીદાનનો વરઘોડો, બપોરે અઢાર અભિષેક ગુરૂવાર તા.૨૮ સવારે પ્રતિષ્ઠા બપોરે શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજન તા.૨૯ નવેમ્બર શુક્રવારના સવારે દ્વાર ઉદ્‌ઘાટન વિગેરે કાર્યક્રમો યોજાયા છે. મહોત્સવ દરમ્યાન વિધિવિધાન નરેન્દ્રભાઈ નંદુ, કયવન્ન, જય-મેઘ કરાવશે. જ્યારે સંગીતની રમઝટ કૃષ્ણાંત સામાણી એન્ડ પાર્ટી જમાવશે. શ્રી હસ્તીનાપુર વિધિ મંડપ તથા ભરતચક્રવર્તી ભોજનખંડનો લાભ દાતાશ્રીઓને લીધેલ છે.

મહોત્સવને સફળ બનાવવા ટ્રસ્ટી ગણ તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગેને માણવા મુંબઈ-દેશાવરથી ૪૫૦ સાંધાણ ગામવાસીઓ માદરે વતન પધારી રહ્યા હોવાનું પ્રબોધ મુનવરે જણાવ્યું હતું.

# કચ્છ તેરાના મુમુક્ષુ મોનિકાબેન આત્મકલ્યાણના પંથે

મૂળ કચ્છ તેરા હાલે રાયપુરના મુમુક્ષુ મોનિકાબેન આત્મ કલ્યાણના પંથે જવાના ભાવ ધરાવે છે. તા. ૨૦ નવેમ્બર બુધવાર રોજે બોંતેર જીનાલયમાં સાધ્વી મ.સા.ની નિશ્રામાં આ તસ્વીર કાંડાગરા ગામે દિક્ષા મહોત્સવ પ્રસંગે તેમની દિશાનું મૂહૂર્ત નીકળવાનું નિર્ધાર્યું છે. મુમુક્ષુ મોનિકાબેનની દિક્ષા મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશના ધર્મપ્રિય ગામ ચાલીસગામ મુકામે પ.પૂ.આ.ભ.શ્રી મહાદેવસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થશે.



# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા ૨૯મા સમૂહ લગ્નોત્સવનું આયોજન

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સમસ્ત જૈન સમાજ માટે ૨૯મો સમૂહ લગ્નોત્સવનું આયોજન તા.૧૪ ડિસેમ્બર તથા તા.૧૫ ડિસેમ્બર રવિવારના રોજે લબ્ધિ નિધાન વાટીકા, લીલાશા કુટિયા આદિપુર કચ્છ મધ્યે આયોજિત કરાયા છે. આમાં ૧૪ નવદંપતિઓ પ્રભુતામાં પગલાં માંડશે.

દ્વિદિવસીય લગ્નોત્સવના વિવિધ અવસરોમાં ગામે ગામથી પધારેલ જાનૈયા માનૈયાનું સ્વાગત, જીરાવલ્લા પાર્શ્વનાથ મહાપૂજન, શ્રી મહાકાલિ માતાજીની ભાવના, ભલારા દાદા અને ઘણી બાવા રામાપીરના પાઠ, રાત્રે ઉત્તમ છેડા - જૈની આર્ટના કલાકારોનો સંગીત મહોત્સવ સંગીત સંધ્યા, દાંડિયા રાસ, કન્યાદાન મહાદાનનો ભવ્ય પ્રદર્શન વરઘોડો, હસ્તમેળાપ, કૌશિક બારોટ એન્ડ પાર્ટી પાલિતાણા દ્વારા સત્કાર-અભિવાદન સમારોહ અને વિદાય જેવા પ્રસંગો થશે.

સમૂહ લગ્નના મુખ્ય દાતા શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી તેરા-માટુંગા, સહયોગી દાતા માતુશ્રી જવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી પરિવાર હા.ખુશાલ, રાહુલ, મેહુલ અને ધરમશી સુથરી-બેંગ્લોર તથા એક સદ્‌ગૃહસ્થ પરિવાર મુંબઈ તથા સહાયક દાતાઓ માતુશ્રી દેવકાબાઈ નેણશી મોતા હસ્તે ખીમજી નેણશી મોતા વારાપદ્ધર-ભાટાપરા, માણેકજી ભવાનજી ભેદા વારાપદ્ધર-મુલુંડ, માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ હા.નીલમ અનિલ દંડ મંજલ રેલડીયા-ભાંડુપ, અ.સૌ.જ્યોતિબેન જિતેન્દ્ર ઝવેરચંદ ધરમશી કોઠારા-ડોંબિવલી, માતુશ્રી રમિલાબેન ચીમનલાલ મોતા હા.અંકિત પ્રફુલ્લ મોતા તેરા-ઘાટકોપર, શાંતિલાલ કલ્યાણજી લોડાયા તેરા-વડોદરા અને શરદ વીરચંદ દંડ છાડુરા-સુરત તથા માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર મોટી સિંધોડી જ્યારે કન્યાદાનના સહયોગી દાતાઓ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર હ.પ્રિયાંશી, દેવાંશી, પ્રિસા જયેશ લોડાયા-સાંધવ, શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ શેરડી-મુલુંડ, હ.જયશ્રી મહેન્દ્ર પાસડ અને પ્રીતિ પ્રફુલ્લ પાસડનો અમૂલ્ય સહયોગ મળ્યો છે. સમૂહ લગ્નનાં નવયુગલોને એક સમાન વસ્તુ ભેટ આપી શકાશે. જ્યારે રીત રિવાજો સંસ્થાએ નક્કી કરેલ ધારાધોરણ મુજબ રહેશે.

સમૂહ લગ્નોત્સવની તૈયારીઓ માટે શાંતિજિન ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન સહિતના સૌ પદાધિકારીઓ સહિત ઉત્સવ સમિતિના સૌ તડામાર તૈયારીઓમાં જોડાયા છે.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9322257731**




# સાંધણ યુથ ફ્રન્ટ દ્વારા પ્રતિષ્ઠા મહોત્સવ માટેની સૂચના

અબડાસા કચ્છના મોટી પંચતીર્થના પ્રવેશદ્વારા એવા સાંધાણ નગરના શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૬મી ધ્વજારોહણ તિથિ સહ જિર્ણોધ્ધાર સહનૂતન ટૂંક નિર્માણ એવં પુન:પ્રતિષ્ઠા પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ તા. ૨૪ નવેમ્બર થી તા. ૨૮ નવેમ્બર સુધીનું ભવ્ય આયોજન કરાયું છે.

આ પ્રસંગે પધારનાર સૌની યાત્રા સુવ્યવસ્થિત અને યાદગાર બની રહે એ માટે સાંધાણ યુથફ્રન્ટ ભાવિકજનો માટે સૂચના અગત્યની બાબતો માટેની યાદી અપાઈ છે. જેમાં

- ફૂલગુલાબી ઠંડીની મોસમ છે તેથી પધારનાર સૌ પરિવારનો ઊનના ગરમ કપડા લઈ આવવા.
- પ્રતિષ્ઠામહોત્સવમાં સામેલ થનાર મહેમાનો જે કોઈ મેડિકલ પ્રિસ્ક્રાઈબ દવાઓ લેતા હોય તે ડોક્ટરની ગાઈડ પ્રમાણે પોતાની નિયમિત દવાઓ સાથે લાવવી.
- પ્રતિષ્ઠામહોત્સવ દરમ્યાન કોઈપણ પ્રકારની વિજળી અથવા અન્ય ઈર્મજન્સી ઊભી થાય તે માટે પોતાની સુવિધા પ્રમાણે ટોર્ચ અથવા બેટરી સાથે રાખવી.
- ટ્રાવેલીંગ દરમ્યાન જે ભાવિક મહેમાનો ઉકાળેલું પાણી પીતા હોય તે જરૂરથી પોતાના માટે પાણીની વ્યવસ્થા કરી આવવા વિનંતી કરાઈ છે.
- પ્રતિષ્ઠામહોત્સવ દરમ્યાન દેરાસર પરિસર તથા વિધિ મંડપમાં કૃપાકરીને મહોત્સવને અનુકૂળ હોય એવા યોગ્ય પોશાક પહેરવા.
- કાળારંગના તથા શોર્ટસ, મીડી તથા મેકસી ધારણા કરવાની સખત મનાઈ છે.
- મહોત્સવ દરમ્યાન જૈન ખાદ્ય પદાર્થો અને ચૌવિહારની ગોઠવણ કરવામાં આવી છે. રાત્રિભોજનની સખ્તાઈથી મનાઈ છે.
- સર્વેજણએ પોતાની સમાનની સુરક્ષિતતા જાળવવા તથા ત્યાં આપેલા રહેઠાણ દરવાજાને માટે પોતાના તાળા અને ચાવી લાવવા.
- પોતાની વસ્તુ તથા કિંમતી સામાનની જવાબદારીશ્રી સાંધાણ મહાજન તથા શાંતિ સેવકોની નહીં રહેશે. કોઈપણ ગુમ થયેલ વસ્તુ તથા કિંમતી સામાનની જવાબદારી પોતાની રહેશે.
- શ્રી સાંધાણ મહાજન તથા શાંતિ સેવકો પધારેલ સૌની સગવડ વ્યવસ્થા માટે તત્પર રહેશે. પરંતુ જરૂરી હોય ત્યારે તેમને સાથ સહકાર આપવા નમ્ર અરજ.
- કોઈપણ અણધાર્યા સંજોગો કે પ્રતિકુળતા માટે આયોજકો તૈયાર છે. જોકે મહોત્સવ દરમ્યાન કોઈ પણ નાની મોટી ત્રૂટી હોય તો સંયમભાવ અને ધૈર્ય ભાવ રાખી સહયોગી બનવું.
- આપણા સમયનો આ ભવ્ય અને ઐતિહાસિક મહોત્સવ મંગલમય પૂર્ણ કરવાની જવાબદારી આપણી સૌની છે. એ ભાવથી જરૂર ઊંચા ભાવ અને ઉમંગ ભર્યા હૈયાથી મહોત્સવમાં જરૂરથી પધારવું.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વીમા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ રાજેન્દ્ર ધુલ્લા સતત છઠ્ઠા વર્ષે એવોર્ડથી સન્માનિત



મુલુંડ નિવાસી શ્રી રાજેન્દ્ર મુલચંદ હીરજી ધુલ્લા જેઓ એક અતિ ઉત્સાહી કાર્યનિષ્ઠ અને સેવાભાવી તેમજ વચનબદ્ધતામાં માનતા અને ગ્રાહકનો સંતોષ એજ એમનો ધ્યેય હોય છે તેમને રેલિગર ઈન્સ્યોરન્સ કાં. દ્વારા વીમા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપવા બદલ સિંગાપોર મધ્યે તેમને એવોર્ડથી સન્માનિત કરાયા.

રેલિગર કંપની દ્વારા તેમને અપાયેલું ટાર્ગેટ ઉત્તમ સર્વિસ આપીને તેમણે પૂર્ણ કર્યું હોવા બદલ આ સન્માન સતત છઠ્ઠા વર્ષે આપવામાં આવ્યું હતું જે માટે તેમને અભિનંદન.

# ઉદયરત્ન સાગરજી મ.સા.ના સાંનિધ્યમાં વાસુપૂજ્ય સ્વામી મંત્ર અનુષ્ઠાન





મેવાડ દિવાકર જ્યોતિષાચાર્ય ગુરૂદેવશ્રી સર્વોદય સાગરજી મ.સા.ના લઘુબંધુ આધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉધ્યરત્નસાગરજી મ.સા. તા. ૧૯ નવેમ્બર મંગળવાર દિને વૈતરણા નદીથી વિહાર કરી સફાલા નગરે પહોંચ્યા. જ્યાં પૂજ્ય ગુરૂદેવશ્રીના સાંનિધ્યમાં જિનાંશ અંકિત ભાઈલાલ નાગડાના જન્મદિવસના પ્રસંગે શ્રીવાસુપૂજ્ય સ્વામી મંત્ર અનુષ્ઠાન ધર્મભાવપૂર્વક સંપન્ન થયા.

# પ્રતિકકુમાર પ.પૂ.મુનિરાજ પશમોદયસાગરજી મ.સા. થયા






તા ૨૦ નવેમ્બર બુધવાર રોજે કાંડાગરા મુકામે પ.પૂ.ગુરૂદેવશ્રી ગુણોદયસાગરજીશ્રી મ.સા.ની પાવન ભરી નિશ્રામાં પ્રતિકકુમારની દિક્ષા હર્ષોલ્લાસથી સંપન્ન થઈ. તેમનું નામ નામ પ.પૂ. મુનિરાજ શ્રી પશમોદયસાગરજી મ.સા. જાહેર થયેલ. તેઓ પ.પૂ.મુનિરાજ ભાગ્યોદયસાગરજી મ.સા.ના શિષ્ય જાહેર થયેલ. તેમનું સંયમ જીવન નિર્વિઘ્ને નિર્વાહ થાય. તપ, જપ, આરાધના સુંદર રીતે થાય. તેમના દ્વારા જૈનશાસન ગચ્છ સંઘ સમાજના વિશિષ્ટ કાર્યો થાય એજ અંતરની શુભકામનાઓ.



|| Shri Ganeshaya Namaha ||
Taste of Gujarat & Rajasthan
R
Rasoi
is association with
IRCTC Ltd.
(Indian Railway Catering & Tourism Corporation)
PRESENTS
FOOD ON TRACK
Now Get Jain & Pure Veg Food Delivered on your train birth for all trains from morning 11.00am to 10.00pm at Hubballi Railway Station and more then 100 major stations.
CALL 1323
Food on Trains
TAKE AWAY THALI
1. Maharaja Thali
2. Executive Thali
3. standard Thali (Mini)
All Available in Jain & Regular Also
We Also Undertake
HOME DELIVERY SERVICES
For Details Contact :
RASIO... Veg Thali, C/o. Navtara Group, 1st Floor, "Kutchi House" Near Womens College, J. C. Nagar, Hubballi-580 020. Ph : 0836-4250009, 4850408
Cell : 8088999900, 7899250009

# પ.પૂ.આચાર્ય ભગવંતશ્રીનું વડોદરા સંઘમાં ભવ્ય સામૈયું

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા-૨નું શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ વડોદરામાં ભવ્ય સામૈયું કરાવું. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમળકાભેર સામૈયામાં જોડાઈ ધર્મભાવના વ્યક્ત કરી હતી.








# મૈશેરી પરિવારના શ્રી ચામુંડા માતાજી કોઠારાના ધ્વજા તથા સમૂહ પહેડી પ્રસંગ સંપન્ન

કોઠારા મધ્યે શ્રી ચામુંડા માતાજીને નમતા મૈશેરી પરિવાર દ્વારા નૂતનમંદિરના ૧૦ વર્ષની ઉજવણી નિમિતે સમૂહ પહેડી તથા ધ્વજાનો ત્રિહાન્હિકા મહોત્સવ તા. ૦૯-૧૦-૧૧ નવેમ્બર ૨૦૧૯ના રોજ કોઠારા મધ્યે ધામધૂમથી ઉજવેલ.

પ્રથમ દિવસે પ્રભુજીની ભક્તિ ભાવના, દ્વિતીય દિવસે પહેડીની સાથે ૫૬ ભોગનો પ્રસાદ, નામકરણ, છેડાછેડી ના જુહાર, બપોરે મહાકાળી માતાજી ની ભાવના, રાત્રે કચ્છી ઢોલ ના સથવારે રાસગરબા તથા તૃતીય દિવસે વાજતે ગાજતે શ્રી ચામુંડા માતાજીની ધ્વજા ચડાવવામાં આવેલ.

ધ્વજા તથા સમૂહ પહેડી ના મુખ્યદાતા પરિવાર એવા શેઠશ્રી માણેકજી પદમશી મૈશેરી હસ્તે માતૃશ્રી જયાબેન રતિલાલ મૈશેરી પરિવાર, માંડવી હાલે મુલુન્ડ ની અનુમોદના કરવામાં આવેલ.

તદુપરાંત તા. ૧૦/૧૧/૨૦૧૯ ના બપોરની ચા ના દાતા પરિવાર શ્રી શામજી મેઘજી મૈશેરી (લાલા), સાંજના ચોવીહાર ના દાતા પરિવાર માતૃશ્રી કસ્તુરબેન ગોવિંદજી મૈશેરી (લાલા) અને તા. ૧૧/૧૧/૨૦૧૯ સવાર ની નવકારશી ના દાતા પરિવાર માતૃશ્રી લીલાવંતીબેન હીરાચંદ મૈશેરી (કોઠારા) તેમજ અન્ય દિવસના નવકારશી, જમણ અને ચોવીહાર નો લાભ મુખ્યદાતા પરિવારે લીધેલ જેમની ખૂબ ખૂબ અનુમોદના મૈશેરી પરિવાર દ્વારા કરવામાં આવેલ.

સમસ્ત દેશ દેશાવર તથા મુંબઇ થી આશરે ૧૦૦ જેટલા ભાવિકો પધારેલ. ૧૦ વર્ષ ની ઉજવણી નિમિતે પધારેલ મૈશેરી પરિવારના ભાવિકોને આવવા-જવાનુ ટ્રેનભાડું તેમજ રહેવાની વ્યવસ્થા કમિટી તરફથી કરવામાં આવેલ. તેમજ દાતા પરિવારની નિયાણી બહેનો તરફથી પધારનાર દરેકને પરિવાર દીઠ સુંદર પ્રભાવના કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પરિવારના સભ્યો દ્વારા સારી જહેમત ઉઠાવવામાં આવેલ. સમસ્ત કાર્યક્રમ નું સંચાલન તેમજ આભારવિધિ જીગર ભદ્રિક મૈશેરી દ્વારા કરવામાં આવેલ.

# જ્ઞાતિની ઉભરતી મહિલા સ્વિમીંગ ચેમ્પિયન








મઝગાંવના શ્રીમતી લલિતા અને મણિલાલ ડુંગરશી દંડની દોહિત્રી જસ્મિન જયમિત દોશી હોનહાર મહિલા સ્વિમીંગ ચેમ્પિયન તરીકે ઉભરી છે.

# સુથરી નગરે એક સાથે ત્રણ ત્રણ અવસરના મંગલ વધામણા

કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાની પંચતીર્થીની સુથરી નગરની પાવનધરા પર એક સાથે ત્રણ ત્રણ અવસરના મંગલ વધામણાના હરખ ટાણા વિક્રમ સંવત ૨૦૭૬ના માગસર સુદ બારસ રવિવાર તા.૮ ડિસેમ્બર ૨૦૧૯ના મંડાશે. જેમાં અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નું પાવન મંગલમય આગમન. ચિ. ગૌતમભાઈનો જાજવલ્યમાન દિક્ષા મહોત્સવ સાથો સાથ પૂજ્યશ્રીના મુખે શ્રાવક શ્રાવિકા માટે બાર વ્રત તથા ચતુર્થવ્રત ઉચ્ચારવાનો અણમોલ અવસર.

આ ત્રિવિધ ધર્મની વહેતી પુનિત ગંગામાં ડૂબકી લગાવીને આત્માને શુધ્ધ અને પવિત્ર કરવાનો સતચિત પ્રયાસ કરીએ અને એ માટે શાસ્ત્રમાં દર્શાવ્યા પ્રમાણે શ્રાવક જીવને સુમધુર બનાવનારા બાર વ્રતોને ગ્રહણ કરીને ખરોખર શ્રાવક બનીએ. એમાં પણ વિમલ કેવલી ભગવંતે પણ જેના સ્વમુખે વખાણ કર્યા હતા એવા આપણા વતન કચ્છ દેશના વિજય શેઠ અને વિજયા શેઠાણીબા ના સુવિશુધ્ધ બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરવાનો આ અવસર જેમાં ચોર્યાસી હજાર સાધુ ભગવંતોને નિર્દોષ આહાર વહોરવાના જેટલું પુણ્ય અને અનેક સુર્વણ રત્નમય જિનાલય બંધાવવા જેટલું પુણ્ય એકમાત્ર સુવિશુધ્ધ બ્રહ્મચર્ય નામના ચતુર્થ વ્રતના પાલનથી પ્રગટ થાય છે. નામ નોંધાવવા તુરંત સંપર્ક કરો. ભૂપેનભાઈ એમ. શાહ-૯૩૨૨૧૦૨૮૯૪

# અનંતનાથ જિનાલય, મસ્જિદ બંદર મધ્યેચાતુર્માસ પરિવર્તન(ઠાણા ઓ ઠાણા)





અનંતનાથ જિનાલય,મસ્જિદ બંદર મધ્યે ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ના ચાતુર્માસ પરિવર્તન(ઠાણા ઓ ઠાણા)નો લાભ માતુશ્રી ભારતીબેન દામજી મૈશેરી, રાપર હસ્તે દ્વિતી,મધુરીબેન જેસલભાઈ મૈશેરી પરિવારે લીધેલ. તા.૧૨.૧૧.૨૦૧૯ ને મંગળવારે ન્યુ અનંત ભુવન, ૫મેં માળે સંઘ ના શ્રાવક-શ્રાવિકાઓની બહોળી સંખ્યામાં સવારનાં ૬.૩૦ કલાકે શ્રી અનંતનાથ જિનાલયથી લાભાર્થીના નિવાસસ્થાને થયેલ.તેમના નિવાસસ્થાને માંગલિક તથા ગુરુવંદન કર્યા બાદ સર્વેની નવકારશી બાલમંદિર,અનંત નિવાસમાં લાભાર્થી પરિવાર તરફથી કરવામાં આવેલ.

# રાયપુર સંઘમાં પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પરિવર્તન



છતીસગઢ રાજ્યના ધર્મક્ષેત્ર એવા રાયપુર સંઘમાં તા.૧૮ નવેમ્બર સોમવાર રોજે અચલગચ્છીય સાધ્વીજી પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો યશસ્વી ચાતુર્માસ બાદ રાયપુરથી પ્રથમ વિહાર ભાટપરા તરફ સાતાપૂર્વક વિહાર કરેલ. આ અવસરે સકળ સંઘના મહાનુભાવો સાથે બેંગલોરથી ખાસ પધારેલ કચ્છી દશા ઓસવાલ સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજીભાઈ ધરમશીએ વિહાર સેવાનો અને વૈયાવચ્ચનો લાભ લીધેલ. આ પ્રસંગે સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર જોડાયા હતા.

# સાધ્વીશ્રીનો મસ્જિદ બંદર, અનંતનાથ જિનાલયથી ચાતુર્માસ પૂર્ણાહુતિ બાદવિહાર







શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન,મુંબઇ શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને તેના સાધારણ ફંડ્સ શ્રી મસ્જિદ બંદર સંઘ ગુરુવાર તા.૧૪.૧૧.૨૦૧૯ ના સવારે ૫.૩૦ કલાકે મસ્જિદ બંદર, અનંતનાથ જિનાલયે પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ દ્વારા જાજરમાન ચાતુર્માસ પૂર્ણાહુતિ બાદ મસ્જિદ બંદરનાં શ્રાવક-શ્રાવિકાઓની સંગાથે ગોડીજી,પાયધૂની જિનાલય જૂહારી દાદર તરફ વિહાર કરવામાં આવેલ છે.





# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● નખત્રાણા તાલુકાના કોટડા (રોહા) ગ્રામ પંચાયત દ્વારા અબોલ જીવો માટે ૧૫૦ એકર જમીનમાં લીલા ચારાનું વાવેતર કરાયું છે. ઘાસચારાના આગોતરા સંચયના ભાગરૂપે ૧૫૦ એકર જમીનમાં જુવારનું વાવેતર કરાયું. જેનો ખેડાણ તથા વાવણીનો અને માવજતનો ખર્ચ ગ્રામ પંચાયત ઉપાડી રહી છે. આ પાક તૈયાર થયા બાદ તેને સૂકવીને કડબના પૂળાવાળી સુરક્ષિત સ્થળે સંગ્રહ કરાશે. અને જરૂર પડ્યે ગૌશાળાના અબોલ જીવો માટે ઉપયોગમાં લેવાશે. જીવદયાના આ કાર્યમાં ગામના જૈન અગ્રણીઓ પોતાની જમીન ખેડવા આપી સહયોગ આપ્યો છે.

● ભુજની શેઠ ડુંગરશી નાગજી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળામાં છાત્રોને ડેન્ગ્યુ કેવી રીતે નાબૂદ કરવો તેની સમજ ડૉ.નેહલભાઈ વૈદ્ય દ્વારા અપાયું. નાળામાં ભરાઈ રહેલા પાણીનો નિકાલ કરવા પક્ષીઓ કૂતરાઓ માટે પાણીના કૂંડા નિયમિત સાફ કરી ચોખ્ખુ પાણી ભરવું, વાહનોના ખુલ્લા પડેલા ટાયરોમાં વરસાદી પાણી ભરાઈ રહે છે તે સાફ કરી રાખવાથી મચ્છરોનો ઉપદ્રવ અટકે છે. એવી તેમને માહિતગાર કરાયા હતા.

● કચ્છના આર્ટિસ્ટ ગાંધીધામના રવિ આર્ટસના દેવજી ભાઈ ડી.મહેશ્વરી કૌન બનેગા કરોડપતિના સેટ પર પહોંચાયા. ત્યાં સુપર સ્ટાર અમિતાભ બચ્ચન સાથે ચાર કલાક વિતાવ્યા. તેમણે કવિ હરિવંશરાય બચ્ચનનું તૈલી ચિત્ર ભેટ આપ્યું. હતું. દેવજીભાઈએ જ્યારે તેમને જણાવ્યું કે કચ્છ નહીં દેખાતો કુછ નહીં દેખાનો ઉલ્લેખ કરી આ સૂત્રને પ્રતાપે ઘણા ટૂરિસ્ટો કચ્છ આવે છે. એ જાણીને બીગબી ખુશ થયા હતા અને કચ્છના માણસો ઘણા સારા છે. એમ કહ્યું હતું. પોતાના ચિત્ર પર હસ્તાક્ષર કરી કચ્છ નહીં દેખાતો કુછ નહીં દેખા લખી આપ્યું. કચ્છમાં પર્યટનનો હજુ વધુ વિકાસ થાય તેવા પ્રયત્ન કરવાની તેણે ખાત્રી આપી હતી.

● એક સમયે કચ્છમાં સિંધુ અને સરસ્વતી નદીના નીર વહેતાં કાળ ક્રમેએ લુપ્ત થયા પછી એક પણ બારમાસી નદી નથી. આ વર્ષે કચ્છમાં ૧૪૩ ટકા વરસાદ થયો છે. તે છતાં સો ટકા જળાશયો પણ છલકાય નથી જે પાણીનો સંગ્રહ થયો છે. તેમાં ૨૦ ટકા ખાદ્ય છે. આનું કારણ ગાંડોબાવળ એટલી હદે ઉગીને ફેલાયો છે કે ખરે ખર નદીઓનો વિસ્તાર અને પાણીની સ્થિતિ કેટલી છે. એ પણ જોવા મળતી નથી. નદીના પટ અને સ્રાવ વિસ્તાર ગાંડા બાવળની ઝાડીથી અવરોધાયેલા છે. મધ્યમ સિંચાઈ બારમાંથી આઠ નાની સિંચાઈના અને ૧૭૦માંથી ૧૧૦ ડેમ અધૂરા ભરાયેલા છે.

● આદિપુરમાં વિશ્વકર્મા સોશ્યિલ ગ્રુપ દ્વારા સમૂહલગ્નમાં લગ્ન કરી ઘરસંસાર વસાવી પચીસ વર્ષ પૂર્ણ કરનાર દંપતીઓનું સન્માન કરાયું. ગુર્જર સુતાર જ્ઞાતિના સમૂહલગ્નમાં વધુ જ્ઞાતિજનો જોડાય. આ હેતુસર દંપતીઓનું સન્માન કરાયું હોવાનું ગ્રુપે જણાવ્યું હતું.

● છેલ્લા દોઢ દાયકાથી સેવાક્ષેત્રે કાર્યરત ભુજની લક્ષ્મી નિવાસ મિતલના એલ.એમ.ગ્રુપના ૩ કરોડના માતબર દાનથી નિર્મિત એલ.એન.એમ. લાયન્સ હોસ્પિટલ ખાસ કરીને કિડનીના દર્દીઓ માટે ભારે આર્શીવાદ રૂપ બની છે. અત્યાર સુધી દાતાઓના સહયોગથી ૨૫ મશીન બે શિફ્ટમાં ચાલી રહ્યાં છે અને એકલાખ જેટલા ડાયાલિસીસની મજલ પાર કરીને ઉધારના જિંદગીજીવતા દર્દીઓના નવજીવન મળ્યું છે. કચ્છમાં કિડની ફેલ્યોરના અનેક દર્દીઓ આવતા રહે છે. અગાઉ તેમને ડાયાલિસીસ માટે બહાર જવું પડતું. શરૂઆતે વર્ષ ૨૦૦૬માં મુંબઈની એક લાયન્સ હોસ્પિટલ પાસેથી બે ડાયાલિસીસ મશીન ટ્રાયલ બેઝ પર મેળવીને ડાયાલિસીસ સેવાનો પ્રારંભ કરાયો હતો.

## જીવન ઘટમાળ

● જન્મ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૧૧.૨૦૧૯ | મસૂર | દુર્વિકા દેવ્યાની દર્શન નીતિન ધરમશી (ભાટે) | કોઠારા | પુત્રી |

# શ્રી ગુણોદય સિદ્ધાચલ કન્યા ૯૯ યાત્રાનું આયોજન

ગુણોદયપુરમ પાલીતાણા સ્થળે તા.૧૨ એપ્રિલ ૨૦૨૦ રવિવારથી શુક્રવાર તા.૫ જુન ૨૦૨૦ સુધીના ૧૨ થી ૨૨ વર્ષની ઉત્સાહી કન્યાઓ માટે શ્રી ગુણોદય સિદ્ધાચલ કન્યા નવાણુ યાત્રા અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મ.સા.ના પટ્ટધર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. તથા પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ્રશિષ્યા આદિઠાણાની ભવ્ય નિશ્રામાં યોજાશે.

યાત્રામાં સહભાગી થનાર કન્યાઓએ જિનાજ્ઞા મુજબ નવાણું યાત્રાના છ'રી નિયમો જેમાં એકાસણું, સચિતનો ત્યાગ, પદયાત્રા, બ્રહ્મચર્યનું પાલન, પ્રતિક્રમણ ભૂમિ સંથારો જેવા વ્રત પાલન કરવાના રહેશે. મર્યાદિત સંખ્યામાં નામો લેવાના હોવાથી ગુણવતા તેમજ વહેલો તે પહેલોના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે. ફોર્મ મેળવવા અને ભરીને આપવા માટે (૧) વિદ્યાપીઠ કાર્યાલય ૨૧ કેશવજી નાયક રોડ, દામજી મેઘજીનો માળો, ૧લો માળો, મુંબઈ-૯. ફોન નં.૦૨૨-૨૩૭૭૮૭૩૯ (સમય બપોરે ૧૨ થી ૫) (૨) શ્રી કલિકુંડ જિનાલય સાંતાક્રુઝ ફોન - ૦૨૨-૨૬૧૭૯૨૭૨ (૩) શ્રી અચલગચ્છ ઉપાશ્રય ગોરેગાંવ - ૯૮૨૦૦૫૨૫૩૫ (૪) શ્રી અચલગચ્છ ભવન નાલાસોપારા - ૯૦૭૫૮૮૯૯૮૯ (૫) શ્રી અચલગચ્છ જૈન સંઘ દાદર(વેસ્ટ) - ૯૮૩૩૪૪૬૬૨૫ (૬) શ્રી જીરાવલ્લા જિનાલય ઘાટકોપર(પૂર્વ) ફોન ૦૨૨-૨૫૦૧૦૨૨૯ (૭) મુલુંડ(પૂર્વ) શ્રી અચલગચ્છ ઉપાશ્રય ફોન ૦૨૨-૨૧૬૩૫૪૧૨. ફોર્મ લેવા આપવા જતા પહેલા સેન્ટર ઉપર ફોન દ્વારા સમય અને એડ્રસ જાણી લેવું. ભરેલ ફોર્મની ફોટો કોપી ૯૮૧૯૭૮૭૭૭૮ ઉપર વોટ્સએપ પર મોકલવી ત્યારબાદ ઉપરના કોઈપણ સેન્ટરમાં રૂ.૧૦૦૦ સાથે ફોર્મ જમા કરાવવા. વિશેષ માહિતી માટે રામજી શામજી ઘરોડ મો.૯૩૨૩૧૯૧૦૫૦ / ૮૮૫૦૨૯૧૯૬૨ નો સંપર્ક કરવો.





## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ હવે તમે આવક મેળવી શકો છો. આત્મનિર્ભર બનવાની તમારા માટે આ અનોખી તક છે.

## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day



## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**

Plan the present, secure the future.
Get a Family Insurance!



insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900
# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.
MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO